GANPAT UNIVERSITY
॥ विद्यया समाजोत्कर्षः ॥
RANKED AMONG INDIA'S TOP 200 UNIVERSITIES | nirf INDIA RANKINGS 2017 GOVT. OF INDIA
MAKE IT THE BEST DECISION FOR YOUR CAREER. JOIN GANPAT UNIVERSITY
ENGINEERING & TECHNOLOGY
M. TECH. in Mechanical (CAD/CAM) | Mechanical (AMS) | Computer | EC | Information Technology | Electrical | Construction Engineering & Management | Cloud Computing | Big Data & Analytics
B. TECH. in Computer | IT | EC | Mechatronics | Mechanical | Bio-Medical | Civil | Electrical | Marine | Automobile
In association with IBM B. TECH. CSE in Cloud based Application | Mobile Applications | Big Data and Analytics
6 Years B. Tech. after 10th DIPLOMA + B. TECH. in Computer | Mechanical | Civil | Electrical | Automobile
9925103100
COMPUTER APPLICATIONS / SCIENCE
B.C.A. + M.C.A.
B. SC. I.T. + M. SC. I.T.
B. SC. + M. SC. (Comp. Appl. & Info. Tech.)
B. SC. TECH. + M. SC. TECH. (IT Infra. Management Services)
M.C.A. Regular / Lateral
M. SC. (Computer Science)
M. SC. (Info. Comm. Tech.)
M. SC. TECH. (Mobile Appl.)
9909004901
SCIENCES
B. SC. & M. SC. in Biotechnology | Microbiology | Mathematics | Physics (CMP + Electronics) | Chemistry (Organic Chemistry)
9723089170
MANAGEMENT STUDIES
M.B.A. (General) in Finance | Marketing | Human Resource | International Business
M.B.A. (Industry – Focused) in Agribusiness | Pharmaceuticals | Financial Services | International Business | Media and Entertainment
B.B.A. in Financial Management with NATIONAL STOCK EXCHANGE (NSE)
B.B.A. + M.B.A. in General | Financial Services | Marketing Management
9879113680
PHARMACY
M. PHARM. in Pharmaceutics | Quality Assurance | Pharmacology
B. PHARM.
9427604274
ARCHITECTURE, DESIGN AND PLANNING
B. ARCH.
B. DESIGN in Interior Design | Graphics and Visual Communication
8460652622
SOCIAL SCIENCE AND HUMANITIES
M. PHIL. in English | Economics | Commerce
M. COM. in Accountancy | Statistics | Business Economics | Management
B. COM. General (English Medium)
M.S.W.
9898363549
for general info.
1800 233 12345
9978996944
www.ganpatuniversity.ac.in

# શહેરના નવા સેક્ટરોમાં કમળાના વધતા કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં ખાસ કરીને ૩, ૪, ૫ માં કમળાના કેસોની સંખ્યા વધતી ચાલી હોઈ તંત્રએ અહિ પણ તજજ્ઞ ટીમની મદદ લીધી છે.

શહેરના નવા સેક્ટરોમાં નોંધાયેલા કમળાના કેસોમાં દર્દીની ઉમંર ૧૦ વર્ષથી વધુ અને ૪૫ ર્ષથી ઓછી સરેરાશ હોવાનુ જણાતાં હવે તજજ્ઞ ટીમ દ્વારા આ કેસોનો સ્ટડી શરૂ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ સેક્ટરોમાં પાણીજન્ય રોગચાળાએ ત્રણેક વર્ષ અગાઉ પણ માથુ ઉંચક્યુ હતુ. જોકે આ સેક્ટરોમાં મકાનોના બાંધકામની પ્રવૃત્તિનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યુ છે. જો કે લિકેજીસ ઓછા મળ્યા હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ વિસ્તારમાં અખાદ્ય ચીજોનુ વેચાણ પણ વધુ થતુ હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે. શહેરના આ વિસ્તારોમાં વધતા જતા કમળાના કેસોને લઈ તંત્રના અધિકારીઓએ પણ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે એટલુ જ નહિ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.


યુવાવર્ગ વધુ સપડાયો હોવાથી પાણીપુરી સહિતની વસ્તુઓ ખાવામાં પણ પાણીજન્ય રોગચાળો થવાની શક્યતાઓ નકારવામાં આવતી નથી.

શહેરના અન્ય સેક્ટરોમાં પણ છુટાછવાયા કેસો કમળાના મળી આવ્યા છે. પાણીજન્ય રોગચાળો એ તંત્રની ચિંતા બનીને ઉભરી રહ્યો છે. તંત્રએ પણ આ અંગે સાવચેતીના પગલાં શુ લેવા તે બાબતે જનજાગૃતિ અભિયાન પણ સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.

# ગાંધીનગરમાં મેઘરાજાની પધરામણી

## દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ધમાકેદાર એન્ટ્રી બાદ મોસમની પ્રથમ વર્ષાથી પાટનગરની ધરા ભીંજાઈ : જો કે દિવસે અસહ્ય બફારો





ગાંધીનગર, તા.૧૦

છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય બફારો અને આકરો તડકો સહન કરી રહેલા પાટનગરવાસીઓને આજે ધીમી ધારના વરસાદે ખુશ કરી દીધા હતા. વહેલી સવારે શરુ થયેલા વરસાદથી તાપમાન ઘટયું હતું. જો કે બપોરે તડકો નીકળતા પુનઃ અસહ્ય બફારો અનુભવાયો હતો. શહેરમાં માત્ર ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

અસહ્ય ગરમી અને આકરો તાપ ચાર માસ સુધી સહન કર્યા બાદ આખરે ગાંધીનગરવાસીઓને થોડો તો થોડો પરંતુ ધીમી ધારનો વરસાદ નસીબ થયો હતો. હવામાન વિભાગે સત્તાવાર રીતે જાહેરાત કરી દીધી છે કે ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ ચુકયું છે. મેઘાએ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રીતસર બઘડાટી બોલાવી દીધી છે. સૌરાષ્ટ્રના ઘણા શહેરોમાં છેલ્લા એક અઠવાડિયાથી સતત વરસાદ વરસી રહ્યો છે. જો કે ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં આકરી ગરમીએ ત્રાહીમામ પોકારાવી દીધી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી મોડી સાંજે વરસાદી માહોલ બંધાય છે. પરંતુ વરસાદ પડતો નથી. કયારેક વીજળીના ચમકારા થાય છે તો કયારેક વંટોળ ફુંકાય છે.ગઈ કાલે મોડી રાત્રે શહેરના વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. વસાહતીઓ ભર ઉંઘમાં હતા ત્યારે વીજળીના કડાકા અને વાદળોના ગડગડાટ સાથે ધીમી ધારે વરસાદ શરુ થયો હતો. વરસાદી માહોલથી શહેરનું વાતાવરણ આહલાદક બની ગયું હતું. મોરના ટહુકાઓથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. સવાર સુધી ધીમી ધારે વરસાદ ચાલુ રહ્યો હતો. જો કે બપોરે વાદળો વિખેરાઈ જતાં ફરી ગરમી અનુભવાઈ હતી. આજે મહત્તમ તાપમાન ૩૭ ડી.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫ ડી.સે. રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૫૨ ટકા રહ્યું હતું. જયારે વરસાદ માત્ર ૫ મી.મી. નોંધાયો હતો.

# મનપાની સોમવારે સ્થાયી સમિતિની બેઠક

## સાત જેટલી વિવિધ દરખાસ્તો તંત્ર દ્વારા તૈયાર કરીનો મુકવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧૦

મુક્તિધામના કર્મીઓ માટે મુક્તિધામ નજીક સ્ટાફ ક્વાટર્સ બનાવવાની મહત્વની દરખાસ્ત પર મનપાની સ્થાયી સમિતિ સોમવારે નિર્ણય લેશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની સોમવારે મળનારી બેઠકમાં મુક્તિધામના કર્મયોગીઓ માટે સ્ટાફ ક્વાટર્સ ઉપરાંત સે. ૨૧ના ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં પાર્કિંગની સુવિધા ઉભી કરવા માટે, શહેરમાં બેસવા માટેના બાંકડા અંગે મળેલી દરખાસ્તોને આધારે નિર્ણય લેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આ ઉપરાંત ડૉગ સ્કવોડ માટે વધુ બે નવી વાન ખરીદવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં સાત જેટલી વિવિધ દરખાસ્તો તંત્ર દ્વારા તૈયાર કરીને મુકવામાં આવી છે. મુક્તિધામ ખાતે જે મૂર્તિઓ તુટી ગઈ છે તેના રિનોવેશન માટે, કમ્પાઉન્ડ વોલના કામ સહિતની બાબતો સાથે સ્ટાફ ક્વાટર્સ બનાવવાની દરખાસ્ત તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

# જિલ્લામાં પ્રવેશોત્સવના લક્ષ્યાંકસિદ્ધિમાં ઘટ

## જિલ્લામાં ૧ હજાર બાળકોએ લક્ષ્યાંક કરતાં ઓછો પ્રવેશ મેળવ્યો : ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં કન્યાઓએ કુમાર કરતાં વધુ મેળવ્યો : ૧૨ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ત્રિદિવસીય પ્રવેશોત્સવ આજે સંપન્ન થયો છે. સર્વેમાં મળેલા બાળકોની તુલનામાં ૧૦૦૦થી વધુ બાળકોએ પ્રવેશ મેળવવાનું ટાળી અને ખાનગી સ્કુલોમાં પ્રવેશ લીધો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ૫૪૪ પ્રાથમિક શાળામાં આ વખતે કન્યાઓએ કુમારોની સરખામણીમાં વધુ પ્રવેશ મેળવ્યો છે. સર્વે પ્રમાણે ૧૨,૨૯૨ બાળકો પ્રવેશ પાત્ર હતા. જેમાંથી ૫૫૯૩ કુમાર અને ૫૬૧૭ કન્યાઓ મળી ૧૧,૨૧૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લામાં ૨૧ બાળકોએ પુનઃ નામાંકન કરાવ્યું છે તો ૧૦૦ જેટલા વિકલાંગ બાળકોનું પણ નામાંકન આ પ્રવેશોત્સવમાં થયું છે. ૫૩ કુમાર અને ૪૭ વિકલાંગ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. તો ૧૨ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ પ્રવેશોત્સવ દરમિયાન આપવામાં આવ્યા છે.

જિલ્લામાં ૫૨ શાળાઓમાં વાહનની સુવિધા આપવામાં આવી છે તો આ પ્રવેશોત્સવમાં ૭,૪૩,૩૨૫નું રોકડ દાન પણ મળ્યું છે. વસ્તુ અને રોકડ દાન મળી કુલ ૭૧,૧૨,૩૫૮નું મળ્યું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં આ પ્રવેશોત્સવ દરમિયાન કુલ ૨૩૪ મહાનુભાવોએ હાજરી આપી હતી. છેલ્લા દિવસે ૧૭૭ પ્રાથમિક શાળાઓને પ્રવેશોત્સવમાં આવરી લેવામાં આવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# વિકાસનો સાચો અને સરળ માર્ગ શિક્ષણ : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૦

શિક્ષણ થકી વિકાસની સમૂળી ક્રાંતિ તરફની કૂચ કરવાની છે ત્યારે ગ્રામીણ વિસ્તાર શિક્ષણમાં પાછળ ના રહે તે જોવાની ફરજ સૌની છે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યુ હતુ. દહેગામ તાલુકાના છેવાડા ગામ મોટીપાવડી ખાતે શાળા પ્રવેશોત્સવની



ઉજવણીમાં ભાગ લેવા ગયેલા જિલ્લા કલેક્ટર સતીષ પટેલે ગ્રામજનોને વિકાસ માટે પ્રોત્સાહિત કરતાં શિક્ષણ જ સાચો માર્ગ હોવાનુ જણાવ્યુ હતુ.

તેમણે ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી. તેમણે સ્વચ્છતા પર પણ વિશેષ ભાર મુક્યો હતો તેમજ ગ્રામજનોને ઉજવલ્લા યોજનાને લાભ મળે તે માટે સરપંચને જરૂરી કાર્યવાહી કરવા ઉપરાંત આધાર કાર્ડની કામગીરી પણ થાય તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે બાળકો સાથે મધ્યાહન ભોજન યોજનાનો સ્વાદ માણ્યો

● અનુસંધાન પાન-૭ પર

# પાણીનો વેડફાટ થતો અટકાવવા બાળસેના બનાવો : ડીડીઓ દેસાઈ

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લામાં પાણીનો વેડફાટ થતો અટકાવવા બાળસેના રચી જળસંચયની દિશામાં આગળ વધવુ એ સમયની માંગ છે તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે કરાઈ ખાતે જણાવ્યુ હતુ.



ગાંધીનગર તાલુકાના કરાઈ ખાતે શાળા પ્રવેશોત્સવમાં ભાગ લેતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે વૃક્ષોનુ માત્ર વાવેતર નહિ પણ તેના ઉછેરની જવાબદારી પણ આ પર્વે ઉપાડવાનો સંકલ્પ કરીએ.

તેમણે બાળકોને જળસંચય અભિયાનનુ મહત્વ સમજાવી કહ્યુ હતુ કે શાળામાં નળ ફીટ નહિ કરી પાણી ટપકી જતુ અટકાવવુ તે પણ જળસંચયનો જ ભાગ છે. તેમણે ઘરમાં પણ પાણીનો બગાડ થતો અટકાવવા માટે બાળકો જાગૃતિ દાખવે એ જરૂરી છે.

દેસાઈએ પ્રવેશોત્સવ દરમ્યાન બાળકોનુ મૂલ્યાંકન પણ કર્યુ હતુ. જેમાં તેમણે સ્વચ્છતા વિશેની

● અનુસંધાન પાન-૭ પર

# કડી બ્રહ્મસમાજના અગ્રણી રાજુભાઈ શુકલ જીપીએસસીના ડિરેક્ટરપદે નિમાયા

ગાંધીનગર, તા. ૧૦

કડી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ



અને મહેસાણા જિલ્લા ભાજપાના પુર્વ મહામંત્રી તેમજ કડી નાગરીક બેન્કના ડીરેક્ટર રાજુભાઈ શુકલની જીપીએસસીમાં ડીરેક્ટર તરીકે નિમણુંક થઈ છે. તેઓ ભાજપા ઉત્તર ઝોનના કાર્ય વિસ્તારક યોજનાના સંયોજક અને કડી બ્રહ્મસમાજના પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૯૪૫, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૯૭૨૯૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com